मूलम् ब्रह्मा त्वचा विष्णु ,सखा शङ्करमेव च,
पत्रे पत्रेका सर्वदेवानाम् वृक्षराज नमोस्तुते।।

માનનીય અધ્યક્ષશ્રી,

વન, વન્યજીવ અને પર્યાવરણનાં સંરક્ષણ, સંવર્ધન, વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સહકારી મંડળીઓ, સ્વ-સહાય જુથો, સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ અને લોક સહકારથી વૃક્ષોની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દુર્લભ જાતિઓનાં સંરક્ષણની કામગીરી પર ભાર મુકેલ છે. વનીકરણની પ્રવૃતિઓથી વન વિસ્તાર નજીક વસવાટ કરતાં, વનવાસીઓને રોજગારીનો લાભ મળે છે. સઘન અને લોક ભાગીદારીનાં પ્રયત્નોથી વનીકરણ કાર્યક્રમને સફળતા મળેલ છે. ગુજરાતની ઉદ્યમી પ્રજાનાં સહકારને કારણે વન વિસ્તારનાં બહારનાં વિસ્તારમાં વૃક્ષાવરણનો અને વન્યજીવોની સંખ્યામાં સતત વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

વન વિભાગનાં ખૂબ જ અગત્યનાં અંગ એવા સામાજિક વનીકરણ યોજનાનો મૂળ હેતુ વન વિસ્તારમાં વૃક્ષોનું આવરણ અને સંખ્યા વધારવાનું છે. જેથી એક બાજુ સમાજને આવક અને રોજગારીની તકો વધે,વૃક્ષ આધારિત ઉદ્યોગોને કાચો માલ મળી શકે તથા બીજી બાજુ પર્યાવરણ અને પરિસરીય વિકાસ થાય. આમ, સામાજિક વનીકરણ યોજનાથી ટકાઉ વિકાસની ત્રણેય મહત્વપૂર્ણ આધાર સામાજિક, આર્થિક અને પર્યાવરણીય વિકાસ સંતુલિત રીતે આગળ ધપાવી શકાય. આ યોજના હેઠળ પટ્ટી વાવેતર, ગ્રામ વન, જમીન વિહોણા ખેત મજૂરોની ભાગીદારીથી ફળાઉ વૃક્ષો વાવવા અને વન નિર્માણ હેઠળ વૃક્ષારોપણનું કાર્ય કરવાનું છે. તેમજ વન મહોત્સવ અને વિકેન્દ્રિત નર્સરી અંતર્ગત વિભિન્ન ઉપયોગી રોપાઓનો (જેવા કેફળાઉ, ઔષધિયુક્ત, સુશોભિત અને નાના ઇમારતી રોપા) ઉછેર તેમજ ઉર્જા બચાવવા વૈકલ્પિક સાધનોની વહેંચણી કરવામાં આવે છે.

# વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન

- વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે ૪-રાષ્ટ્રીય ઉદ્યાન, ૨૪ અભયારણ્ય અને ૧કન્ઝર્વેશન રીઝર્વ વિસ્તાર મળી કુલ ૨૯ રક્ષિત વિસ્તારો આવેલા છે.
- એશિયાઈ સિંહોની સંખ્યા સને ૨૦૦૫ માં ૩૫૯ હતી જે વધીને સને ૨૦૨૦ માં ૬૭૪ થયેલ છે.સિંહોની સંખ્યામાં અગાઉની ગણતરી કરતા ૨૮.૯% નો વધારો નોંધાયેલ છે.
- ઘુડખરની વસ્તી વર્ષ ૧૮૭૫ માં ૭૨૦ હતી જે સાડા ત્રણ દાયકાઓમાં સાડા ત્રણ ગણી વધી ૬૦૮૨ થઇ ગયેલ છે.
- રીંછ,કાળીયાર, ચિત્તલ, સાંભર અને ગીધ જેવા વન્યજીવોની સંખ્યામાં વર્ષોવર્ષ વધારો થઈ રહેલ છે.

➢ **ફ્લેમિંગો**

- કચ્છના રણ વિસ્તારમાં લાખોની સંખ્યામાં લેસર ફ્લેમિંગો તથા ગ્રેટર ફ્લેમિંગોનો દર વર્ષે અંદાજે ૩ થી ૫ લાખની સંખ્યામાં મેળાવળો થાય છે તેમજ ફ્લેમિંગો ઇંડા મુકી હજારોની સંખ્યામાં બચ્ચાઓને જન્મ આપે છે.
- કચ્છના મોટા રણનો આ વિસ્તાર ફ્લેમિંગો સીટી તરીકે ઓળખાય છે. ફ્લેમિંગોના રહેઠાંણ, બચ્ચાઓનું વન વિભાગ દ્વારા સફળ રીતે સંરક્ષણ કરવામાં આવે છે.

➢ **ઘાસઉત્પાદનમાંમેળવેલસિધ્ધિઓઃ-**

- રાજ્ય સરકારના ઘાસ સુધારણા કાર્યક્રમના અથાગ પ્રયત્નોથી ઘાસ ઉત્પાદનમાં અકલ્પનીય સિધ્ધિ મેળવેલ છે.
- વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં જે ૯૩.૫૯ લાખ કિ.ગ્રાના ઉત્પાદન સામે ૨૦૨૧-૨૨માં ૩૩૦.૦૦ લાખ એટલે કે છેલ્લા દશ વર્ષમાં ઘાસ ઉત્પાદનમાં ૩.૫૩ ગણી વૃધ્ધિ હાંસલ થયેલ છે.
- રાજ્યસરકારનાવનવિભાગદ્વારાઘાસએકત્રીકરણ, સંગ્રહ અને વિતરણની કામગીરી કરવામાં આવે છે.
- માન.નાણામંત્રીશ્રી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષનું વન અને પર્યાવરણ વિભાગમાં ગતિશક્તિ હેઠળ ઈકો રિસ્ટોરેશન થકી વાવેતરને લગતી યોજનાઓ તેમજ નવા ઘાસ ગોડાઉનોની સાથો સાથ વન્યપ્રાણી સંરક્ષણ, સવર્ધન તથા લોકોમાં વન્યપ્રાણીઓ પ્રત્યેનો ભય, અજંપો દૂર થાય તેમજ વન્યપ્રાણીઓને સામાન્ય માણસો પણ વન્યપ્રાણીઓ તેમજ વન્યસૃષ્ટિને નીહાળી શકે તે માટે જરૂરી માળખાકીય સુવિધાઓ તેમજ તેને આનુષાંગિક સુધારા વધારા તેમજ વાવતેર થકી વૃક્ષ આચ્છાદિત વિસ્તારોનું નિર્માણ થાય તે માટે જે જોગવાઈઓને લઈને આવ્યા છે તે યોગ્ય જણાય છે.